# HCG હોસ્પિટલ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ



અમદાવાદ :ભારતમાં પ્રતિ સેકંડ એક વ્યક્તિને લોહીની જરૂરત છે, રોજ ૩૮૦૦૦ બ્લડ ડોનેશન થવું આવશ્યક છે. એક વ્યક્તિનું રક્તદાન સામાન્ય રીતે ૩ વ્યક્તિની જીંદગી બચાવે છે તેવું કહેવાય છે. આ સંજોગોમાં એચસીજી (મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલ) દ્વારા આજે બ્લડ ડોનેશન કેમ્પ યોજી ૫૧૪ બોટલ બ્લડ એકઠું કરવામાં આવ્યું હતું. ૧૦૦થી વધારે તબીબોએ આ સેવાયજ્ઞમાં જોડાઇ રક્તદાન કર્યું હતું.

ગુજરાત બ્લડ બેંકના સહયોગથી આજે યોજાયેલા આ બ્લડ ડોનેશન કેમ્પમાં એચસીજીના ડો. ભુપેશ ડી.શાહે જણાવ્યું હતું- કે એક કાર અકસ્માતમાં ૫ થી ૧૦ યુનિટ જેટલા લોહીની જરૂર પડે છે. લોહીમાંથી ચાર પ્રકારના ટ્રાન્સફ્યુઝેબલ ઉત્પાદનો મળે છે. જેમાં લાલકણો, પ્લેટલેટસ, પ્લાઝમા અને ક્રીપ્ટોપ્રેસીપીટેટ મળે છે. એક યુનિટ લોહીમાંથી બે કે ત્રણ ઉત્પાદનો મળે છે. જેથી દરેક રક્તદાન ૩ જીંદગી બચાવે છે. એચસીજીના ડાયરેકટર ડો. કૌસ્તુભાઇ પટેલ, ડો. જગદિશભાઇ, ડો. ભરત ગઢવી સહિત અનેક અગ્રણી તબીબોએ પણ કેમ્પમાં રક્તદાન કર્યું હતું. રક્તદાનમાં ગુજરાત ટોચનું સ્ટાન ધરાવે છે. ગુજરાતમાં ૭.૯૫ લાખ યુનિટ જેટલું લોહી ડોનેશનમાં મળે છે. તાજેતરમાં જ સ્વૈચ્છીક બ્લડ ડોનેશનમાં ૭૧ થી ૮૨ ટકાનો વધારો થયેલો છે. રાજ્યમાં ૧૪૩ જેટલી બ્લડ બેંક દ્વારા દર્દીઓને લોહી પુરૂ પાડવામાં આવે છે.